સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન દ્વારા મોબાઈલ ચોર / સ્નેચર પકડવામાં આવ્યા - ગુજ.યુનિ. પો.સ્ટે.ના ચોરીના 06 મોબાઈલ સહિત કુલ 15 મોબાઈલ રિકવર કરવામાં આવ્યા

પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલકત સબંધી ગુનાઓ ઉપર મહત્તમ ડિટેક્શન થકી અંકુશ મેળવવા કરેલ સૂચના આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર જે.પી.જાડેજા નાઓના સુપરવિઝન હેઠળ બનાવેલ ટીમ દ્વારા મોબાઈલ ચોરીના બનતા ગુનાઓ શોધી કાઢવા સુચના કરેલ હોય જે આધારે આરોપીઓ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોરને મુદામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

➢ આરોપીઓ:-

(૧) નાગેશ બળદેવભાઈ ઠાકોર ઉ.વ.૧૯ રહે. ક્રિષ્ણા એવન્યુ પહેલા માળે પરબડી ચોક ઉંડોવાસ, બોડકદેવ વસ્ત્રાપુર અમદાવાદ શહેર

(૨) વિશાલ ટીનાભાઈ દંતાણી ઉવ.૨૦ રહે. મલાવ તળાવના કાચા છાપરામાં શાકમાર્કેટ પાસે થલતેજ અમદાવાદ શહેર

(૩) કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર ઉવ.૧૭

➢ મુદામાલ : જુદી-જુદી કંપનીના મોબાઈલ ફોન નંગ-૧૫ જેની કિ.રૂ.૬૮,000/- ની ગણી શકાય.

➢ શોધાયેલ ગુનો:- ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ગુ.ર.નં-૧૧૧૯૧૦૭૨૦૦૦૩૨ ઈપીકો કલમ ૩૮૦ મુજબ